# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

અફળાય અંધારામાં દિશા મળતી નથી!
મારે હવાતિયાં ખૂબ દશા ફળતી નથી!
થઇ દુર્દશા, આવી માખી, ટિકીટ કોડિયે -
માઠી દશામાં, દિશાની સૂઝ પડતી નથી..
(બળવા - નારાજગી)

## હાઇકુ

છેલ્લી ઘડીના
મેન્ડેન્ટે કર્યા સૌના -
શ્વાસ અધ્ધર!
(વિશ્વાસઘાત - દગાબાજી)

વચગાળાના -
હતા વચગાળામાં -
ગ્યા વચગાળે..
(શ્રી ગુજરાલનું નિધન)

## ચિંતન

કિં કન્દ્રાઃ કન્દરેભ્યઃ પ્રલયમુપગતા નિર્ઝરાવા ગિરિભ્યઃ
પ્રધ્વસ્તાવા તરૂભ્યઃ સરસફલમૃલો વલ્કલિન્યશ્ચ શાખાઃ ।
વીશ્યેન્તે મન્મુષાનિ પ્રસભમપમતપ્રશ્રયાણાં ખલાનાં
દુપોપાત્તાલ્યવિત્તસ્મય પવન વશાન્નર્તિત ભૂલતાનિ ॥

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ 'ઉદર ભરવાનો રોગ' નામનાં પ્રકરણમાંથી છે :

'શું ગુફાઓમાંથી કંદમૂળ નાશ પામી ગયાં છે? શું પર્વતો પરથી ઝરણાં વહેતાં ખૂટી ગયાં છે? સુંદર ફળો સાથેની અને વલ્કલને ધારણ કરનારી ડાળીઓ શું વૃક્ષો પર તૂટી વિલગ થઇ ગઇ છે? કે જેથી વિનય વગરના, ખલ, દુષ્ટ-દુર્જન પુરૂષોનાં મુખ જોવાં પડે છે! એવાં મુખ જે દુષ્કાર્યો દ્વારા મેળવેલ અલ્પ ધનના અભિમાનને કારણે જેની સદાય ગુસ્સામાં ભ્રુકૃટિ ખેંચાયેલી જ રહે છે!'

આજના નેતાઓ-રાજકારણીઓ-તુમાખી-અધિકારીઓ-દંભી-કપટી-માયાવી સાધુ-સંતો, અંચળા ઓઢેલા ગુરૂજન-શિક્ષકો-સમાજમાં એવાં એવાં સ્થાન પચાવી પાડી બેઠા છે કે નિર્દોષ-સરળ-ભોળાં માનવીઓ-ને હરીફરી એમના જ પગ ચાટવા અને મોઢાં જોવા ફરજીયાત એમની સેવા-છત્રછાયામાં જવું પડે છે ત્યાર આવા અભિમાની-ગુસ્સાવાળા એ સર્વ પોતાની ભ્રૂકૃટિ ખેંચી ગુસ્સામાં - દંભમાં જેટલું ખેંચાય એટલું 'લોહી' લોકોનું પી જાય છે, અને કામ તો કરવું હોય તો જ કરે, કે ઇશ્વર કૃપાથી આપોઆપ થઇ જાય. પણ આપણને આવા લોકોનાં મોઢાં બોલાવવવાં પડે છે.

જેવાં આપણા દુર્ભાગ્ય, બીજું શું?!

## સુવિચાર

- કર્તવ્ય-નિષ્ઠા પૂર્વક કામ કરનારની પાછળ 'નામ' દોડતું આવે છે - **સાઇરસ**
- પરાજયનો ડંખ અને વિજયનો ગર્વ જેના જીવનમાં નથી તે જ સાચો મનુષ્ય - **શેક્સપિયર**
- આળશુ માણસ હંમેશાં દેવાદાર અને બીજાને બોજારૂપ રહે છે - **ઓબ્રગોન**
- 'આપી'ને એની પાસેથી 'કંઇક' મેળવવાની ઇચ્છા રાખીએ તેને દાન ન કહેવાય- **ગાંધીજી**
- આળશુ માણસ 'શ્વાસ' તો જરૂર લેતો હોય છે પણ એ 'જીવતો' હોતો નથી - **સિસેરો**
- જેને પોતાના વખાણ કરવા - સાંભળવા ગમતા હોય, તેનામાં ગુણોની ઓછપ હોય છે - **અરવિંદ ઘોષ**
- સર્જન કરવું હોય તો આપણી જાતનું પ્રથમ 'વિસર્જન' કરવું પડશે - **સાર્ત્ર**

## બોધ કથા

આપણે સિમેન્ટના પાકાં મકાનમાં પણ શિયાળામાં જર્સી-ચપલાં-ટોપલાં-શાલ વીટી-ઘૂંટી બેઠાં હોઇએ ત્યારે વાતનો મુખ્ય વિષય 'ટાઢ' જ હોય ત્યારે ગરીબો ઝૂપડાંમાં કે ઝાડની છાયામાં, ખૂલ્લામાં પડેલાં મજૂર પરિવારનો વિચાર આપણે નથી કરતા. હજારો પરિવાર ટાઢ-તડકો સહન કરી જીવે છે..

શિયાળાની વહેલી સવારે ગાંધીજી ફરવા નિકળ્યા - ગૌશાળામાં કામ કરતો એક બાળક ત્યાં તડકો નિકળવાની રાહ જોતો ધ્રૂજતો બેઠો હતો. બાપુએ પૂછ્યું અલ્યા - આવી ટાઢમાં ધ્રૂજે છે તો કંઇક ચાદર-કપડું વીંટી લે!

બાળક કહે - આ ચાદર સિવાય મારી પાસે બીજું કંઇ છે જ નહીં!

બાપુ ફરવા ન ગયા. અને ઘરમાં હતા એટલા ગાભા-ચંદરડાં એકઠાં કર્યા. કસ્તૂરબાને બોલાવ્યાં અને બંને બને બાજુથી ટાંકા લઇ 'ગોદડી' તૈયાર કરવા બેઠાં. સાંજે 'ગોદડી' તૈયાર થઇ ગઇ અને રાત્રે કસ્તૂરબાને લઇને બાપુએ એ બાળકને ગોદડી ઓઢાળી - બાળકને હૂંફ-પ્રેમ-વાત્સલ્ય મળ્યાં અને આખી રાત આરામની ઉંઘ્યો.

બાપુએ પ્રાર્થનાસભામાં કહ્યું, આવાં હજારો ગરીબ બાળકો ટાઢમાં થથરે છે. આપણે એમને 'ગોદડાં' ઓઢાણીએ એ વર્ષમાં બાપુએ ૨૫૦ ગોદડીઓ તૈયાર કરાવી ગરીબોને આપી..

આજે અનેક સેવા-ભાવી સંસ્થાઓ આવાં ઉમદા કાર્ય મૌન રહી ગુપ્ત રીતે કરે જ છે.

# એક કિશોરી આટલી પ્રગલ્ભ, આટલી ધર્મમય હોઈ શકે, તે પણ આજના પ્રદૂષિત વાતાવરણમાં, એ વાત જ ઝટ ગળે ઊતરે એવી નથી

તાજેતરમાં તા. ૨૫ નવે. ૨૦૧૨ના દિવસે 'સહિયર' કાર્યક્રમ હેઠળ આકાશવાણી - અમદાવાદ - વડોદરા દ્વારા સાહિત્ય ડૉ.કેશુભાઈ દેસાઈનાં વિશિષ્ટ પ્રવાસગ્રંથ 'દીકરી સંગે દેશાટન' વિશે આકાશવાણીના સંવાદદાતા રેણુ ચતુર્વેદી દ્વારા લેવાયેલ મુલાકાતના સંપાદિત અંશો પ્રસ્તુત કરૂં છું. આ પ્રવાસ સંવેદન ગુજરાતી ભાષાના પ્રવાસ સાહિત્યમાં નોખી ભાત પાડે છે. આ પુસ્તક હમણાંથી ગુજરાતી સાહિત્ય જગતમાં બહુચર્ચિત છે. માધવસિંહ સોલંકીથી લઈ અદના ગુજરાતી વાચકને એણે ઘેલું લગાડ્યું છે. એક 'દીકરી'ને એની માયૂસીમાંથી બહાર આણવા પ્રવાસે લઈ ગયેલા પાલક માતાપિતાનું વાત્સલ્ય એમાં છલોછલ છલકતું વરતાય છે. તમે પણ જરૂર વાંચજો :

**દીકરી સંગે દેશાટન / પ્ર. રન્નાદે પ્રકાશન, અમદાવાદ**

## હું રસ્તે રઝળતી વારતા

- અયના પટેલ

**॥ સર્જક સાથે સંવાદ ॥**

**(૧) આપણા પ્રવાસ સાહિત્ય વિશે થોડી વાત કરશો? આપણા પ્રવાસ સાહિત્યમાં તમારૂં આ પુસ્તક કઇ રીતે જુદું પડે છે?**

● આ પુસ્તકને જૉસેફ મેકવાને 'વાત્સલ્યનું ભાગવત' કહી બિરદાવ્યું છે. પ્રસ્તાવના લેખનાર ભગીરથ બ્રહ્મભટ્ટે એને 'વાત્સલ્ય કેન્દ્રી ભાવયાત્રા' ગણાવી છે. એ રીતે મારૂં આ પુસ્તક અત્યાર સુધીનાં આપણાં પ્રવાસપુસ્તકોથી અલગ પડે છે. નંદકુંવરબાથી પ્રીતિ સેનગુપ્તા સુધીનાં પ્રવાસલેખકોએ સ્થળ વર્ણન પર વિશેષ ધ્યાન આપ્યું છે, મેં ભાવનાત્મક અંતર્યાત્રા આલેખી છે.

**(૨) આ પુસ્તક વાંચનારને એ નવલકથા વાંચતો હોય એવો રસ પડે છે. શું આ 'નવલકથા' છે?**

એ નવલકથા નથી, છે તો પ્રવાસકથા; પણ વિશેષપણે એ સંવેદન કથા છે. જુઓ, એનું પહેલું જ પ્રકરણ પિતા વિશેનું છે. મારા પિતાને મેં સંતાપ્યા નથી પરંતુ એમની અપેક્ષાઓ કરતાં હું કયાંક ને કયાંક આડો ફંટાયો એથી એમને સંતોષી પણ નથી શક્યો, એની મેં નિખાલસ કબૂલાત કરી છે. વળી, પિતાના અમુક આચારવિચાર મુજબ હું વર્તી ન શક્યો એનો પણ મને ઊંડો પસ્તાવો રહ્યા કર્યો છે. પિતાશ્રીને પ્રવાસ ન કરાવી શક્યો; એમને 'ચારધામ' પૈકી પુરી બાકી રહી ગયેલું, તે ન કરાવી શક્યો; ખૂબ જ શ્રધ્ધાળુ હતા. એમને મારે ઉજ્જૈનના કુંભમેળામાં લઈ જવા હતા, તે પણ સંજોગાવસાત ન બની શક્યું; મારે એ ખેડૂત બાપને હવાઈ મુસાફરી કરાવવી હતી, તે પણ શક્ય ન બન્યું; એ બધાનું સાટું વાળતો હોઉં એમ મેં મારી માનેલી દીકરી સાથે દેશાટન કર્યું. સાથે એનાં ફોઈ પણ ખરાં જ. પિતાને જે ન આપી શકાયું તે સુખ સંતાનને - પુત્રીને આપીને મેં માનસિક સધિયારો, કંઈક કરી છૂટ્યાની કૃતકૃત્યતા અનુભવી છે.

**(૩) એટલે જ કદાચ આ કૃતિ આટલી જીવંત બની રહી હોવી જોઇએ, શું માનો છો?**

● 'સાહિત્ય' શબ્દમાં 'સહ'ત્વનો જ ભાવ સમાયેલો છે. સર્જન એની લાગણીઓના પ્રવાહમાં વાચકને - ભાવકને પણ ખેંચે છે, એમની સાથે પોતાનાં સુખદુઃખ વહેંચે છે. આ કૃતિમાં ડગલેને પગલે જીવનમાં ઉચ્ચતર મૂલ્યોની સાથે મુખોમુખ થવાયું એનો રોમાંચ આજ પર્યંત અકબંધ છે. એમાં દુઃખિયારી દીકરી તરફના વાત્સલ્ય ઉપરાંત ગમે તેવી પકડારભરી પરિસ્થિતિમાં ખભેખભો મિલાવી સાથ આપતી સહચરી જીવનસંગિની તરફનો પ્રચ્છન્ન પ્રેમ પણ વ્યક્ત થયો છે. અહીં ઉદાત્ત મિત્રોની મિત્રતાનું ચિત્રણ છે, તો વળી અજાણ્યાં સહ પ્રવાસીઓમાં છુપાયેલી માણસાઈનો પણ મહિમાં કરાયો છે. પ્રવાસકથામાં ફક્ત ત્રણ જ પ્રવાસી નથી : નીકળ્યાં ત્યારે તો અમે ત્રણ જ હતાં; રસ્તે કેટકેટલાં લોકો આવી મળ્યાં. આખેઆખો 'કારવાં' બની ગયો! એ બધાં સાચેસાચાં, સાચુકલાં માનવી છે - એમાં કયાંક મારી કલ્પનાના રંગ નથી ઉમેરાયા. હા, એમની તસવીર દોરતી વેળાએ મારી લાગણીઓનો સંપુટ જરૂર ઉમેરાયો છે. એમાં કયાંક મારી દુખતી રગ પણ ધબકતી વરતાશે તો કયાંક મારૂં સર્વાશ્લેષી સર્જક સ્વરૂપ પણ.

મધર ટેરેસાનું કથન ટાંકવાનું મન થાય છે -

'જયાં જાઓ ત્યાં પ્રેમનો પ્રસાર કરો. શરૂઆત ઘરથી જ કરો. તમારા સંતાનોને, તમારા જીવનસાથીને, તમારા પડોશીને પ્રેમ આપો... તમને મળ્યા પછી વ્યક્તિ વધારે આનંદિત, વધારે સભર થવી જોઈએ. ઈશ્વરની ભલમનસાઈ અને માયાળુપણાના જીવંત વાહક બનો. તમારા ચહેરા પર, આંખોમાં, સ્મિતમાં અને અભિવાદનમાં ઉષ્મા અને માયાળુપણું પ્રગટ કરો.'

જીવન પોતે એક વણથંભી યાત્રા છે. મૃત્યુ એક વિસામો માત્ર છે. જીવનની આ યાત્રામાં કોણ જાણે કેટકેટલા જીવો સાથે મેળાપ થયો હશે, કેટકેટલાંથી વિજોગ પડ્યો હશે!

બે અંગ્રેજી કવિતાઓની પંક્તિઓ યાદ આવે છે :

નહેરૂ એમની નજર સામે રોબર્ટ ફ્રોસ્ટની કવિતા રાખી મૂકતા :

Woods are lovly,
dark and deep,
...Miles to go before & sleep...

પૂ. મોટાને વૉલ્ટર સ્કૉટની બે સીટીઓ ગમતી :

'For if a path be
dangerous known,
Danger itslef is
lure alone...'

**(૪) આ પ્રવાસકથામાં તમને સૌથી યાદગાર પાત્ર કોણ મળ્યું?**

● આમ જુઓ તો કોઈ એક જ વ્યક્તિ પર કળશ ઢોળી દેવાથી બીજા ઘણાંને અન્યાય થવાનો સંભવ છે. છતાં આખી પ્રવાસકથાને અંતે જે એક પાત્ર મારા મગજનો કબજો જમાવી બેસે છે તે છે સિમરન. કથાવો અંતિમ પરિચ્છેદ જમાવી બેસે છે - 'મને સિમરન સાંભરી આવી. એણે પહોંચતાંવેંત ફોન કરવાનું કહેલું ને! મેં એનો નંબર જોડ્યો અને એ ધસમસતી સતલજની જેમ હસી પડી.'

- સિમરન, આઈ મિસ યૂ... મારાથી મનોમન બોલી જવાયું, બિટ્ટુએ આ સાંભળી તો નહીં લીધું હોય!

આ સિમરન એના વિશિષ્ટ પંજાબી વ્યક્તિત્વને કારણે અને એના અદ્ભૂત આતિથ્યને કારણે યાદ રહી ગઈ છે. નહીંતર અમે મહેમાન તો એના સસરાજીનાં હતા. એક પુત્રવધુ એના શ્વશુરના મહેમાનોને આટલી આત્મીયતાપૂર્વક સાચવે, એ મારે મન 'એકવીસમી સદીનું આશ્ચર્ય છે.'

**(૫) તમને આ પ્રવાસકથા લખ્યા પછી વિશેષ સંતોષ કયાં મુદ્દે થયો?**

● સૌ પ્રથમ તો દીકરી - જેને હું લાડમાં 'બિટ્ટુ' કહું છું - એને માનસિક વ્યગ્રતા અને હતાશાના માહોલમાં બહાર આણવાનો જે મુખ્ય - અલબત્ત, ગર્ભિત - ઉદ્દેશ હતો તે પાર પાડી શક્યો. એને મારે હવાઈ પ્રવાસ કરાવવો હતો. તે સમયની સસ્તી ફલાઈટ ઍર ડેકકન મારફત અમે ત્રણ જણ દિલ્હી પહોંચ્યાં. દિલ્હીમાં સ્વ. કાશીરામ રાણાને ફાળવાયેલા સરકારી આવાસમાં રોકાયાં, જયાં યજમાનની ગેરહાજરીમાં પણ એમની નેપાળી રસોયણ - કામવાળી 'ગોમા'નું હૂંફાળું આતિશ્ય માણ્યું, 'ઇન્ડિયા ગેટ' પર યોજાયેલી સીમા સુરક્ષા દળની સંગીતમય પરેડનું રિહર્સલ નિહાળ્યું. અમે દિલ્હીથી અમૃતસરનો પ્રવાસ ટ્રેનમાં બીજા વગ્રના સામાન્ય મુસાફરો સાથે કર્યો ત્યાં પર હરમિંદર સાહેબનાં દર્શન કરવા નીકળેલા શ્રધ્ધાળુ સરદાર પરિવારની કંપની મળી.

જીવનમાં જવલ્લે જ જોવા મળે એવો મૂલ્યનિષ્ઠ પરિવાર : એમાં પણ જે બાપ હતો તે એની લાડલી સાનિયાને કેટલું વહાલ કરતો હતો! 'નામ' લીધેલ હોઈ સાવ કાચીકુમળી જસપ્રીત ઉર્ફે સોનિયા સાધ્વી જેવી લાગતી હતી. સોનિયાને મન એ પ્રવાસ નહોતો, તીર્થયાત્રા હતી. એટલે અમારો ઉતારો અમૃતસરની ફાઈવસ્ટાર હોટલમાં હતો, એથી એ વિશેષ ચિંતીત હતી : વહેલી સવારે બ્રાહ્મમુર્હૂતમાં ગ્રંથ સાહેબની સવારી નીકળશે ત્યારે આ અંકલ - આંટી અને દીદી મંદિરે કઈ રીતે પહોંચી શકશે? - એને કયાં ખબર હતી કે અમે તો મોજમજા ખાતર નીકળ્યાં હતાં?

નિરંજન ભગતની પંક્તિઓ યાદ આવે છે :

'હું તો બસ, ફરવા આવ્યો છું! કામ મારૂં કે તમારૂં - કયાં કરવા આવ્યો છું?'

- પંરતુ એ નાનકડી 'ફૂલજોગણી' તો એક એક પગલું ગુરૂનાં દર્શન ખાતર ભરી રહી હતી.

એક કિશોરી આટલી પ્રગલ્ભ, આટલી ધર્મમય હોઈ શકે, તે પણ આજના પ્રદૂષિત વાતાવરણમાં, એ વાત જ ઝટ ગળે ઊતરે એવી નથી.

**(૬) આ પ્રવાસકથા વિશે વાચકો, વિવેચકોનો કેવો પ્રતિભાવ રહ્યો?**

જૉસેફ મેકવાન અને ભગીરથ બ્રહ્મભટ્ટનાં લખાણ તો કૃતિ સાથે છપાયાં જ છે. મેં આ પ્રવાસને અડસઠ તીરથની જાત્રા લેખાવ્યો છે. વિનોદ જોશી અને વિનોદ અધ્વર્યું જેવા વિદ્વજ્જનોને આ પુસ્તક ખૂબ ગમ્યું છે, એમ માધવસિંહ સોલંકી જેવા લોકનેતાને અને અનુરાધા મલ્લ જેવાં સનદી અધિકારીને પણ એમાં અભિવ્યક્ત થતા કેશુભાઈની નિખાલસતા સ્પર્શી ગઈ છે.


રમણલાલ પાઠકે તો એને પ્રવાસગ્રંથ કરતાં સવિશેષ ચિંતનગ્રંથ કહી બિરદાવેલ છે.

# આત્મા - પરમાત્મા, જન્મ પુનર્જન્મની વાતો અને ચર્ચાઓ તે સામે જે દલીલો થતી હોય છે તે બધી વાતોને પુસ્તક રૂપે મુકી આપી આ અંગે રસ ધરાવતા વર્ગના વાચકો માટે એક સરસ અભ્યાસપૂર્ણ નજરાણું ધર્યું છે

## શબ્દ સમીપે

**આત્મા-પરમાત્મા, જન્મ-પુનર્જન્મ અંગે વિચારવલોણાનું નવનીત**

- નટવર હેડાઉ



છેલ્લા પચ્ચીસેક વર્ષનાં વિજ્ઞાન અને ટેકનોલોજીનો જે વિકાસ થયો તે આપણા જીવનમાં દરેક ક્ષેત્રમાં પ્રસરી ગઇ છે. તેણે જીવનની ગતિને આપણી જાણ બહાર વધારી દીધી છે. આપણી પાસે હજારેક વર્ષની જીવંત સંસ્કૃતિ પરંપરા છે, જેની અસર આપણા વિચારોમાં, વર્તનમાં અનાયાસ ડોકાયા કરે છે. ઉપરાંત વિકસીત દેશોની અસરથી પણ આપણે મુક્ત નથી.

આપણી આજની મથામણ છે આ પરંપરા, વિજ્ઞાન અને ટેકનોલોજી તેમજ વિદેશી અસર એ બધા વચ્ચે મેળ બેસાડી સ્વસ્થ રીતે કઇ રીતે જીવવું.

આ પ્રશ્નના પ્રત્યુત્તર સ્વરૂપે વિચાર કરવા માટે કેટલાક પ્રબુધ્ધ લોકોનું એક જૂથ બનવું જોઇએ, તેવું વિચારનારા સમાનધર્મી વિચારધારા ધરાવનારા લોકો દ્વારા 'વિચાર વલોણું પરિવાર'ની રચના થઇ છે. આ પરિવાર સાથે જોડાયેલા લેખક તરફથી મળતું વિચારના વલોણાનું નવવીત સ્વાદિષ્ટ, સ્વાસ્થ્ય પ્રદ અને વાચકને વિચારતાં કરી મુકે તેવું છે.

'આત્મા પરમાત્મા, જન્મ - પુનર્જન્મ' પુસ્તકની વાત હું તમને કરી રહ્યો છું ત્યારે તેના પ્રાક્કથનમાં વિચાર વલોણું પરિવારના મુનિ દવે વાંચન અંગેનો પોતાની વિચારધારાની અવગત કરાવી કોઇ પણ વાચક કયા લેખકને, કયા વિષયો અને શા માટે વાંચે છે તેનું સુંદર વિશ્લેષણ કરી આપે છે. તેઓ નગીનદાસ પારેખને ટાંકીને લેખકના ચાર પ્રકારો વર્ણવે છે અને કહે છે કે, 'પુસ્તકને અધ્યયનના ભાગરૂપે વાંચીએ તે પુસ્તક વાર્તા, નવલકથા, જીવનકથા, પ્રવચન, નિબંધ ગમે સાહિત્ય સ્વરૂપમાં હોઇ શકે છે. તે પુસ્તકમાં વાચકને શું ગમે છે તેનો આધાર તેમાં વિચારની સ્પષ્ટતા, ભાષાનું સૌંદર્ય, વિચારની રજૂઆત વિગેરે પર આધારે રાખે છે. પરંતુ કયારેક એવું પણ બને છે કે સંસ્કારવશ એ વિચાર કે લેખક સાથેના લાગણી સંબંધો આપણી માનસિક કે બૌધ્ધિક સજ્જતા આપણા મુલ્યાંકનને અસર કરે છે.'

ઉપરાંત એ વાત સમજવી પડે કે લેખક રજૂ કરેલ વિચાર સ્થળ કાળમાં સિમીત છે કે એથી પર છે. લેખકે સબળ ભાષા અને તર્ક દ્વારા આંશિક કે અર્ધસત્ય કે અસત્યને પૂર્ણ સ્વરૂપે રજૂ તો કર્યું નથી ને!

જે પુસ્તક કયાંક સ્પર્શી ગયું તેને સમજવા પ્રયત્ન કરીએ કે શા માટે, શું, કયાં સ્પર્શી ગયું? શું એ મુદ્દા પર ચર્ચા કરીને, કે ત્રણ ચાર પાનામાં એના મહત્ત્વના મુદ્દા સાથે આપણા સામે જ મુકી શકાય? આવી રીતે અધ્યયન કરીએ તો કદાચ આપણા મનો જગતમાં - જીવન વ્યવહારમાં કયાંક સૂક્ષ્મ - સ્થૂળ પરિવર્તન શરૂ થઇ શકે.

આ પુસ્તકમાં લેખકે ઉપરોક્ત બાબતોને ખુબ ઝીણવટભરી રીતે ધ્યાને લઇને આત્મા પરમાત્મા, જન્મ - પુનર્જન્મ અંગેની માન્યતાઓ, આસ્તિકતા અને નાસ્તિકતાના બે છેડા વચ્ચે અટવાતા અને યોગ્ય દિશાસૂઝ મેળવવા સતત પ્રયત્નશીલ જીજ્ઞાસુઓ તેમજ મૃત્યુનો ભવ સતાવતો હોય તેવા વૃધ્ધો, જીવનમાં સાંપડેલ કારમી નિષ્ફળતાઓ કે શારીરિક અને માનસિક વ્યાધિઓથી હતાશ થયેલ, વારંવાર આત્મહત્યાના વિચારો આવતા હોય તેવા વ્યક્તિઓને નજર સમક્ષ રાખીને વિવિધ પુસ્તકો, લેખો, અને વેબસાઇટોમાં રજૂ થયેલ વિવિધ ધર્મો વિષેની અને અન્ય વિષયો ઉપરની માહિતીઓનો અભ્યાસ કરી લેખકે 'સર્વધર્મ એકત્વ'ના ખ્યાલને દઢ કરવા પ્રયત્ન કર્યો છે. તે માટે આ બધા વિષયોનો અભ્યાસ કરતાં પરસ્પર વિરોધાભાષી લાગતા કેટલાક મુદ્દાઓના ખુલાસાઓ ખુબ સહજ, રીતે સમજાવતાં તેમણે વિષયની તરફેણની અને વિરૂધ્ધની એમ બંને વિચારધારાઓને અનુરૂપ જીવન જીવતા કેટલાક માનવીઓના જીવનને નજીકથી જોવાનો પ્રયત્ન કર્યો એ સઘળા નિષ્કર્ષો આ પુસ્તકના માધ્યમથી આ વિષયના રસ ધરાવનારા વાચકો સુધી પહોંચાડી વાંચકો સાથે વિચાર વિનિમય કરતા માટે અને પુસ્તકમાં રજૂ થયેલ દલીલો અને પ્રતિ દલીલો ને તેઓ પોતાની પરંપરાગત માન્યતાઓને આધારે મૂલવવાને બદલે એક તટસ્થ ન્યાયાધીશની નજરથી મૂલવે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો છે.

આ પુસ્તક કુલ ૮ પ્રકરણોમાં વહેંચાયેલું છે. તે માટે લેખકે જે અભ્યાસ કર્યો છે તે પુસ્તકોની સંદર્ભ સુચિ છેલ્લે આપી છે. જે જોતાં ખુબ જ ઊંડાણ પૂર્વક અભ્યાસ કરવામાં આવ્યો છે એ વાતની પ્રતિતિ થયા વિના રહેતી નથી.


આ પુસ્તક કોના માટે છે? તે વાત પ્રકરણ-૧માં કરી તે પછી આત્માનું અસ્તિત્વ અને

**(અનુસંધાન છઠ્ઠા પાને)**

## આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે


**૩જી ડિસેમ્બર**



● સ્વતંત્ર ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ડો. રાજેન્દ્રપ્રસાદની જન્મજયંતિ. ભારત નવનિર્માણ, રાષ્ટ્રસેવા, લોકકલ્યાણ તેમની નસેનસમાં જોવા મળે. ૩-૧૨-૧૮૮૪માં તેમનો જન્મ.

● ૧૯૧૫ - ગાંધીજી પહેલા વહેલાં સુરત આવ્યાં.

● ૧૮૨૯ - શિક્ષાગુર - સુધારાવીર રા.રા. મહિપતરામ રૂપરામ નીલકંઠનો સુરતમાં જન્મ.



● ૧૮૩૪ - અર્થશાસ્ત્રી રોબર્ટ માલ્થસનું અવસાન. વસ્તી વધારાની સમસ્યા વિષે ઉંડુ ચિંતન કરેલું.

● ૧૮૬૯ - અંગ્રેજી ફિલ્મોનાં હિન્દી નટ 'સાબુ'નું અવસાન. વિખ્યાત બંગાળી નવલકથાકાર વિમલ મિત્રનું અવસાન - ૧૯૯૧.

● અપંગ વ્યક્તિઓના વિકાસ-કલ્યાણવી વૃદ્ધિ અર્થે પ્રારંભિક કાળજી લેવા ૩જી ડિસેમ્બર ઉજવાય છે 'વિશ્વ અપંગ દિન.'

# મને માફ કર પારૂલ... હું તને ભૂલી શકયો નથી, આટલાં વરસના વિજોગ પછી પણ તું કવચિત મારો રસ્તો અવરોધતી નીલગાય થઈને મને સામી મળતી જ રહી છે...

## નીલગાય

- કેશુભાઈ દેસાઈ

સવારે ઊઠતાંની સાથે નજરે પડી- સત્તર નવેમ્બર.

એકાએક સ્મરણોનું સૅન્ડી વાવાઝોડું ત્રાટક્યું. મન જઈ પૂગ્યું છે કે સાબરકાંઠાના સીમાડે.

ઓહોહો! શું દિવસો હતા એ...શી જાહોજલાલી હતી! કોણ જાણે કયાંથી આવી મળ્યા હતા એ મધમીઠા વાસંતી સંજોગ. પારૂલ. તું તો કદાચ એ બધું ભૂલી ગઈ હોઈશ. હું નથી વીસરી શક્યો હજી લગી, વીસરવા ઈચ્છું તોય ન વીસરી શકું. અલબત્ત સમયની ભેખડો તળે ચગદાઈ જરૂર ગયાં છે એ કૂણાં કુમળાં સ્મરણ ફૂલ..

હું 'વેપારીઓના ગામ' તરીકે ઓળખાતા તલોદમાં મારી ખોવાયેલી પરભવની પ્રેયસીને શોધવા થોડો જઈ ચડ્યો હતો? આજીવિકાની શોધમાં નીકળેલા એ બદકિસ્મત યુવાનને તલોદમાં આશરો મળ્યો, ત્યારે તો એને કલ્પના પણ ન હતી કે આ વાણિજ્ય નગરી વીસમી સદીના ઉતરાર્ધમાં કોઈ સવાઈ સદેવંત- સાવળિંગાની પ્રણયભૂમિ બની રહેશે.

પારૂલ, તારા સમ. આટલાં વર્ષોનાં આવરણ ચડી ગયા પછીયે તલોદની ભાગોળે થઈ પસાર થતાં પ્રવાસીઓને એક 'ન સમજાય કે ન સમજાવી શકાય' એવી 'સજીવ હળવાશ'નો અહેસાસ થાય છે. ક્ષણ-બે ક્ષણ પૂરતો અજાણ્યો પ્રવાસી પણ હાલી ઊઠે છે. એકાએક મનમાં પ્રેમનો પારાવાર ઊમટે છે. હમણાં થોડાક દિવસો પહેલાં હું મોડાસા કોલેજ પરિવારના એક કાર્યક્રમમાં હાજરી આપવા જઈ રહ્યો હતો. સાથે ગુજરાતી સાહિત્યના એક વરિષ્ઠ સર્જક પણ હતા. આયોજકોની અનુકૂળતા ખાતર મેં જ સૂચવેલું એ મુજબ અમે બેઉં 'મહેમાનો' એક જ વાહનમાં પ્રવાસ કરી રહ્યા હતા. ગાડી ભાડાની હતી. મેં ડ્રાઈવરને ગાડી દહેગામવાળા રસ્તે લેવા સૂચન કર્યું હતું. કોણ જાણે કેમ, એણે ચિલોડાથી સીધો જ નેશનલ હાઈવે પકડયો. કહે : સાહેબ, આપણે મજરા પાટિયેથી વળી જઈશું. તલોદવાળા રસ્તે.

'તલોદવાળા રસ્તે?' છેક હોઠ સુધી આવેલો સવાલ ગળચટી લીંબચૂસ (ચૉકલેટ) બની કંઠમાં ઓગળી ગયો. તલોદનું નામ પડતાંની સાથે મારું રોમેરોમ રણઝણી ઊઠે છે- તું તો એનું રહસ્ય જાણતી જ હોય. હું ચૂપ જ રહ્યો પરંતુ પેલા ઓવર સ્માર્ટ છોકરડાથી ન રહેવાયું. બોલ્યો : તમને મસ્ત મજાની ફીલિંગ્સ થશે, એ રસ્તે. ને આમેય રસ્તો પહેલાં જેવો ખાડા- ખૈયાવાળો નથી. નરેન્દ્ર મોદીએ બીજું કંઈ કર્યું હોય તે, પણ અંતરિયાળ રસ્તા જરૂર સુધારી દીધા છે.

સાથી સર્જકને બાંકે બિહારી લાલુ યાદવ યાદ આવી ગયા : હેમા માલિનીના ગાલ જેવા લિસ્સા રસ્તા બનાવવાનું એમનું સપનું સપનું જ રહી ગયેલું, એ મતલબની કશીક કૉમેન્ટ કરીને એ અટકી ગયા. હું એમને અપેક્ષિત દાદ ન આપી શક્યો. કારણ જણાવવાની જરૂર ખરી? મારૂં ચિત ચકડોળે ચડી ગયું હતું... એકસો વીસની સ્પીડમાં દોડતી હરાઈ નીલગાય જેવી નવી નક્કોર ઈંડિગો કયારે મજરા પાર કરીને જમણા હાથે વળી ગઈ, એનુંય ઓસાણ ન રહ્યું. સડસડાટ સાબર ડેરીના આદ્ય સ્થાપક 'ભૂરાખોડા'નું ઘડકણ પસાર થઈ ગયું. રોડની ડાબી તરફ કરોલ ડૅમની ઊંચી ઊંચી ભેખડો દેખાવા લાગી. હું મરૂં- મરૂં થઈ ગયો. કેટલાં વરસ થઈ ગયાં હશે એ વાતને પારૂલ? મને યાદ છે : કદાચ તારો સત્તરમો જન્મ દિવસ હતો... 'સ્વીટ સેવન્ટીન' કહી મેં તને ગુપચૂપ ચબરખી પણ મોકલી આપેલી, તારી લટકાળી ભાભી સાથે... સીધેસીધો મેળાપ તો શક્ય જ કયાં હતો? તારા ઘરમાં બધાંને ગંધ આવી ગઈ હતી : નખોદિયાની નજર સારી નથી! છોરી પર કશુંક કામણ કરાવ્યું લાગે છે મૂઆએ... આખો દહાડો પાછલી પછી તે ઊભી ઊભી એની વાટ જોયા કરે છે વાલા મૂઈ...ને રંડવો પરણેલો હોવા છતાં -

વાયરે વાત તો ત્યાં સુધી ઊડી ગઈ હતી કે આજે નહીં તો કાલે- આ પરદેશી પાડો બાપડી ગરીબડી છોકરીને રાતોરાત ઉપાડી રફુચક્કર થઈ જશે! ભવ બગાડશે કાચી કુમળી કળીનો... મૂઓ ભમરાની જેમ એની કોરેમોર ફેરફુદરડી માર્યા કરે છે. આખો દા'ડો.

હું અંગ્રેજીનો ખાં; ગામ આખામાં એ મુદ્દે ભારે આબરૂ બંધાઈ ગઈ હતી. તારી મમ્મીએ

**(અનુસંધાન છઠ્ઠા પાને)**